# Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)માં વિશેષ શિક્ષણ: ઓળખ, નિયુક્તિ અને નિરીક્ષણ સમિતિઓ IPRC

## માતાપિતાઓ માટે માર્ગદર્શિકા

## Identification, Placement and Review Committee (ઓળખ, નિયુક્તિ અને નિરીક્ષણ સમિતિ) શું છે??

જુદા જુદા વિદ્યાર્થીઓ જુદા જુદા દરે પ્રગતિ કરે છે અને શીખે છે. કેટલાક બાળકો માટે, નિયમિત વર્ગખંડ તેમની જરૂરિયાતોને કદાચ પૂરી નહીં કરી શકે. Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ) એવી સમિતિની મદદથી, આ વિદ્યાર્થીઓને સહારો આપવા માટે નિર્ધારિત છે જે:

- દરેક વિદ્યાર્થીને ઓળખી બતાવે જેને વિશેષ શિક્ષણના કાર્યક્રમો, સહારો અને/અથવા સેવાઓની જરૂર છે.
- વિદ્યાર્થીને એવા કાર્યક્રમમાં સ્થાન આપે જે તેની કે તેણીની જરૂરિયાતોને પૂરી કરે છે.
- વિદ્યાર્થી કેવી પ્રગતિ કરી રહ્યો છે તેની સમીક્ષા કરે છે.

The Identification, Placement and Review Committees (IPRC) (ઓળખ, નિયુક્તિ અને નિરીક્ષણ સમિતિઓ) માં કર્મચારીઓના નાના સમૂહનો સમાવેશ થાય છે, જેવા કે શાળાના આચાર્ય, વિશેષ શિક્ષણના શિક્ષક અથવા વિભાગના આગેવાન અને વર્ગખંડના શિક્ષક. ક્યારેક બીજા કર્મચારીગણના નિષ્ણાતો સમિતિની સભામાં ભાગ લેશે (જેવા કે મનોવિજ્ઞાની અથવા વાચા-ભાષાના રોગવિજ્ઞાની). તમારી સાથે કામ કરીને, સમિતિ તમારા બાળકના શિક્ષણ માટે શ્રેષ્ઠ શક્ય નિર્ણયો લેવાનો ઉદ્દેશ રાખે છે.

### સમિતિને વિદ્યાર્થીનો ઉલ્લેખ કોણ કરે છે?

તમારા બાળકની શાળાના આચાર્ય તેના ઉલ્લેખની પ્રક્રિયા કરે છે, અને તમને લેખિત જાણ કરશે. જો તમે તમારા બાળકના ભણતરની જરૂરિયાત માટે ચિંતિત હો, તો તમે પણ આચાર્યને ઉલ્લેખ કરવા માટે કહી શકો છો (લેખિત). તમને સમિતિ સભા યોજાય તેના ઓછામાં ઓછા ૧૦ શાળા દિવસ પહેલા જણાવવામાં આવશે. તમે એ સભામાં હાજરી આપો તે મહત્વનું છે. જો તમે હાજર નહીં રહી શકો, તો મહેરબાની કરીને બીજી તારીખ અને સમય ગોઠવવા માટે આચાર્યનો સંપર્ક કરો.

### સભા પૂર્વે સમિતિ પાસે શું માહિતી હશે?

શાળા અને બોર્ડના કર્મચારીઓ તમારા બાળકના ભણતર વિષે માહિતી એકઠી કરશે. આમાં તમારા બાળકની જરૂરિયાતો અને શૈક્ષણિક સિદ્ધિઓના મૂલ્યાંકનો (વર્ગખંડમાંથી અને વિશેષ શિક્ષણના શિક્ષકો પાસેથી), સંબંધી સ્વાસ્થ્ય માહિતી, અને અગાઉની આકારણીઓના પરિણામો (જેવા કે મનોવિજ્ઞાની, વાચા-ભાષાના રોગવિજ્ઞાની, અથવા વ્યવસાયિક વિશેષજ્ઞ દ્વારા)નો પણ સમાવેશ થઇ શકે છે. તમને બધી માહિતીની નકલ મળશે.

### મુલાકાત માટે તમે કઇ રીતે તૈયાર થઇ શકો છો?

આ પદ્ધતિમાં તમે સમાન ભાગીદાર છો. સમિતિ મળે તે પહેલા, તમે તમારા બાળકની શક્તિઓ અને જરૂરિયાતો વિષે લેખિત માહિતી આપવાની ઇચ્છા રાખી શકો છો. તમે વિશેષ શિક્ષણની જરૂરિયાતો, કાર્યક્રમો અને સેવાઓ, નિયુક્તિના વિકલ્પો અને તમારા બાળકની નોંધણીઓ વિષે પણ જાણવાની ઇચ્છા રાખી શકો છો. તમારી શાળાના આચાર્ય સાથે વાતચીત કરો.

તમારા બાળકના હિમાયતિની ભૂમિકા ભજવવા માટે તમે કોઇને સભામાં હાજરી આપવા માટે સાથે પણ લાવી શકો છો. જે વિદ્યાર્થીઓ ૧૬ વર્ષની વયના કે તેનાથી મોટા હોય તેમને હાજર રહેવાની પરવાનગી હોય છે. જો તમને સમિતિ સાથે અંગ્રેજીમાં વાતચીત કરવી અનુકૂળ નહીં લાગે, તો અમે માગણી મુજબ દુભાષિયો પ્રદાન કરશું.

## સમિતિની સભા દરમિયાન શું બને છે?

સમિતિ અવલોકન કરીશે અને તમારા બાળકની શક્તિઓ અને શૈક્ષણિક જરૂરિયાતો વિષે, વિશેષ શિક્ષણની જરૂર છે કે નહીં, અને કઇ નિયુક્તિ શ્રેષ્ઠ છે તે વિષે વાતચીત કરશે. તમારે પ્રશ્નો પૂછવા જોઇએ અને ચર્ચામાં જોડાવુ જોઇએ.

સભાઓ આશરે ૨૦ મિનિટ સુધી ચાલે છે. સમિતિ તે જ સમયે તેનો નિર્ણય લેશે, કે તમારા બાળકને વિશેષ ભણતરની અને વિશેષ નિયુક્તિની જરૂરિયાતો છે કે નહીં, કોઇક વાર, સમિતિને વધુ માહિતીની જરૂર પડે છે, અને તેનો નિર્ણય મુલતવી રાખશે. બીજી સભા મુકરર કરવામાં આવશે, અને તમને હાજરી આપવા આમંત્રિત કરવામાં આવશે.

જો વિશેષ શિક્ષણની જરૂર હોય, તો પ્રથમ પસંદગી હંમેશા બાળકની નિયમિત વર્ગમાં, વિશેષ શિક્ષણ સહારા સાથે રહેવાની હોય છે. જો તે અનુકૂળ નહીં હોય, તો અન્ય વિકલ્પોમાં નિયમિત વર્ગખંડમાંથી અડધા દિવસ માટે દૂર થઇને, વિશેષ શિક્ષણના વર્ગમાં હાજરી આપવાનો હોય છે (તમારી મૂળ શાળામાં અથવા બીજી શાળામાં).

## સમિતિ મળે પછી શું બને છે?

સમિતિનો નિર્ણય સમજાવતો કાગળ તમને મળશે. જો તમે સભામાં ગેરહાજર હતા, તો શાળાના આચાર્ય નિર્ણય વિષે તમારો સંપર્ક કરશે. જો સમિતિ વિશેષ શિક્ષણ નિયુક્તિની ભલામણ કરે, તો તમને સંમતિ પત્ર પર સહી કરવાનું કહેવામાં આવશે.

મહેરબાની કરીને કોઇ પણ ચિંતાઓની ચર્ચા તમારા બાળકના આચાર્ય સાથે કરો. તમે સમિતિને (લેખિત) ફરીથી વિચારવા માટે પણ કહી શકો છો, અને હજુ પણ સહમત નથી તો નિર્ણય સામે અરજી કરી શકો છો. શાળા બોર્ડના શિક્ષણના સંચાલકને મૂળ સમિતિ સભાના 30 દિવસની અંદર તમારી અરજીની જાણ કરતો અને શું કારણો છે તે વિષે કાગળ મોકલો.

એક વાર તમે સહી કરીને સંમતિ પત્ર તમારા બાળકની શાળામાં પરત કરી દીધા પછી, અમે નિયુક્તિ માટેની ગોઠવણો કરશું.

## નિયુક્તિ પછી, તમે કઇ રીતે જાણશો કે તમારા બાળકની જરૂરિયાતો પૂરી થઇ છે?

કોઇ પણ કાર્યક્રમમાં કોઇ પણ વિદ્યાર્થીની જેમ, તમને રિપોર્ટ કાર્ડ (હેવાલ પત્રો) મળશે, અને તમે શિક્ષક સાથે મુકરર માતાપિતા/શિક્ષક મુલાકાતોમાં, અથવા તમારી વિનંતી મુજબ અન્ય સમયે વાતચીત કરી શકો છો.

તમે તમારા બાળકની પ્રગતિમાં વ્યક્તિગત શિક્ષણ યોજનાના વિકાસ દ્વારા સમાવિષ્ટ હશો. તમારું બાળક વિશેષ શિક્ષણની નિયુક્તિની શરૂઆત કરે તેના 30 શાળા દિવસની અંદર તેનું નિર્માણ થઇ જવુ જોઇએ. આ યોજના તમારા બાળકના શોખો, શક્તિઓ, જરૂરિયાતો અને લક્ષ્યોની રૂપરેખા આપે છે અને તમારા બાળકને સફળ થવા માટે જેની જરૂર છે તે વિશેષ શિક્ષણના કાર્યક્રમો અથવા સેવાઓ પ્રદાન કરવામાં અમારી મદદ કરે છે.

તમારું બાળક નિયુક્તિમાં 3 મહિના રહે પછી, પ્રગતિનું અવલોકન કરવા માટે તમે ત્યાર પછીની સમિતિ સભા માટે માગણી કરી શકો છો. શાળાએ તમારા બાળકની વિશેષ શિક્ષણની જરૂરિયાતોનું ઓછામાં ઓછું વર્ષમાં એક વાર અવલોકન કરવું જોઇએ. જો અમે દરખાસ્ત મૂકીએ કે તમે તમારા બાળક માટે નિયુક્તિ કે સ્થળ બદલવાની માગણી કરો તો અમે વાર્ષિક અવલોકન સમિતિ સભા પણ ભરશું.

## તમને વધુ માહિતી ક્યાંથી મળી શકે?

Identification, Placement and Review Committee and special education (ઓળખ, નિયુક્તિ અને નિરીક્ષણ સમિતિ) અને વિશેષ શિક્ષણ વિષે વધુ જાણવા માટે, મહેરબાની કરીને :

- તમારા બાળકના શિક્ષક કે આચાર્ય સાથે વાતચીત કરો.
- તમારા બાળકની શાળામાં વિશેષ શિક્ષણના શિક્ષકનો સંપર્ક કરો.

- Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)ની વેબસાઇટ, www.peelschools.org/speced ની મુલાકાત લો.

- Ontario Ministry of Education (ઓન્ટેરિઓ મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન) ની વેબસાઇટ www.edu.gov.on.ca, ની મુલાકાત લઇને elementary and secondary education, પર જઇને, પછી special education ની લિંક્સને અનુસરો.

- Peel District School Board (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ)ને 905-890-1099 (૯૦૫-૮૯૦-૧૦૯૯) અથવા 1-800-668-1146, extension 2345 (૧-૮૦૦-૬૬૮-૧૧૪૬ એક્સટેન્શન ૨૩૪૫) પર ફોન કરો.